અમરેલી જિલ્લાના ડેમમાંથી માટી/કાંપ કાઢવા બાબત

*** 15/4/2335** શ્રી મહેશ કસવાલા(સાવરકુંડલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે, -

પ્રશ્ન

(૧) તા: ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમરેલી જીલ્લાના સાવરકુંડલાના સુરજવડી, શેલ દેદુમલ અને મેવાસા ગામના ડેમ, માટી અને કાંપ પૂરાવાના કારણે તેની કુલ ક્ષમતાના ત્રીજા ભાગનું પાણી ભરાતું હોઈ, તેમાંથી માટી અને કાંપ કાઢવા માટે અને પૂર્ણ ક્ષમતા સાથે ભરવા છેલ્લા બે વર્ષમાં સરકાર દ્વારા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે ?

જવાબ

(૧) ગત વર્ષે ૨૦૨૩માં સુરજવડી અને શેલ દેદુમલમાં બેથેમેટ્રીક સર્વે કરવામાં આવેલ. જેના રીપોર્ટ મુજબ ડેમની કુલ કેપેસીટીના સુરજવડી ડેમમાં ૩૩.૨૦% (૩.૨૫ મી ઘન મીટર) તથા શેલ દેદુમલ ડેમમાં ૬.૧૫% (૦.૪૮ મી ઘન મીટર) માટી/કાંપ જમા થયેલ છે.

જ્યારે મેવાસા ડેમમાં બેથેમેટ્રીક સર્વે કરવામાં આવેલ નથી. પરંતુ યોજનાની નદીના ન્યુનતમ લેવલની સાપેક્ષે ૧.૦૮ મીટર ઉંડાઈમાં કાંપ જમા થયેલ છે.

જેમાંથી આ ત્રણ ડેમો પૈકી માટી/કાંપ કાઢવા માટે સરકારશ્રીની સુજલામ સુફલામ જળ અભિયાન યોજના હેઠળ જુદા-જુદા ટ્રસ્ટ અને ખેડૂત ખાતેદારો દ્વારા માટી અને કાંપ કાઢવામાં આવેલ છે. છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ડેમમાંથી કાઢવામાં આવેલ કાંપ (ઘ.મી) નીચે મુજબ છે.

| | ડેમમાંથી કાઢવામાં આવેલ કાંપ (ઘ.મી) | | |
|---|---|---|---|
| | સુરજવડી | શેલ-દેદુમલ | મેવાસા |
| વર્ષ:૨૦૨૨ | ૨૭૦૦ | ૧૧૪૦ | ૨૭૫ |
| વર્ષ:૨૦૨૩ | ૨૨૭૫૦ | ૬૦૦૦ | ૨૨૫ |
| કુલ | ૨૫૪૫૦ | ૭૧૪૦ | ૫૦૦ |

ઉક્ત ત્રણેય યોજનામાં બાકી રહેતા કાંપ/માટી વિભાગ દ્વારા અથવા સુજલામ સુફલામ જળ અભિયાન યોજના દ્વારા તબક્કાવાર આયોજન કરી દુર કરવામાં આવશે.

-------------